સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટમાં મનપા વેરા વસૂલાત મેગા ડ્રાઇવમાં એક દિ'માં ૩૭૮ મિલકતો સિલ

## ૪૮૫ આસામીઓ પાસેથી રૂા.૪.૯૨ કરોડની વસૂલાત કરવા માટે બાકીદારો ઉપર તવાઈ





રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા મિલકત વેરાનો ૪૫૪ કરોડનો લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે બાકીદારો ઉપર રીતસરના તૂટી પડી ગઇકાલે તમામ ૧૮ વોર્ડમાં રહેણાંક અને કોમિર્શયલની ૩૭૮ મિલકતો સિલ કરતા બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.વેરા વિભાગે મેગા રિકવરી ડ્રાઇવ યોજી ૪૮૫ આસામીઓને સિલની બિક બતાવી સ્થળ રૂા.૪.૯૨ કરોડની ઉઘરાણી પકાવી હતી. તેમજ વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ બાકીદારોના લીસ્ટ મુજબ આગામી દિવસોમાં કડક કાર્યવાહી કરવાના મ્યુનિ.કમિશનરે જારી કર્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ વોર્ડમાં બાકી મિલકત વેરા સામે મેગા રિકવરી ડ્રાઈવ યોજવામાં આવેલ. જેમાં એક દિવસની મેગા ડ્રાઈવમાં કુલ ૩૭૮ મિલકત સીલ કરવામાં આવેલ, કુલ ૪૮૫ મિલકતો સામે રિકવરી કરવામાં આવેલ અને મેગા ડ્રાઈવમાં કુલ રૂ.૪.૯૨ કરોડ રિકવરી કરવામાં આવેલ હતી.રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવેલ અને રાજકોટ મહાનગરપાલિકાના અધિકૃત રેકર્ડ પર નોંધાયેલ રહેણાંક, વ્યાવસાયિક, ઔદ્યોગિક તેમજ અન્ય કેટેગરીની મિલ્કત ધરાવતા તમામ મિલ્કતધારકોને આથી જાણ કરવામાં આવે છે કે, જે મિલ્કતધારકો દ્વારા મિલકત વેરા તથા પાણી ચાર્જીસ પેટે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) કે તેથી વધુ રકમ બાકી છે, તેવા બાકીદાર મિલ્કતધારકોની યાદી તથા તેમની સામે ભરપાઇ કરવા પાત્ર બાકી રકમની વિગત રાજકોટ મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઇટ પર જાહેર કરવામાં આવેલ છે. આ યાદીમાં સમાવિષ્ટ બાકીદાર મિલ્કતધારકોને સૂચના આપવામાં આવે છે કે તેઓ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ પરથી પોતાની મિલ્કત સંબંધિત બાકી રકમની ચોક્કસ વિગતો મેળવી, મિલકત વેરા તથા પાણી ચાર્જીસની બાકી રહેતી તમામ રકમ સત્વરે અને તાત્કાલિક ભરપાઇ કરે તેવો અનુરોધ કરવામાં આવે છે.જો બાકીદાર મિલ્કતધારકો દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં બાકી રકમ ભરપાઇ કરવામાં નહીં આવે તો, રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૧૨૮ હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ કાર્યવાહી અંતર્ગત સંબંધિત મિલ્કતોને સીલ કરવી, પાણીનું નળ કનેકશન કપાત કરવું, તેમજ બાકી રકમની વસુલાત અર્થે મિલ્કતની હરરાજી કરવા સુધીની કડક કાર્યવાહી આગામી સપ્તાહથી હાથ ધરવામાં આવશે. આવી કાર્યવાહીથી થનારી કોઈપણ અસુવિધા માટે સંબંધિત બાકીદાર મિલ્કતધારક પોતે જ સંપૂર્ણપણે જવાબદાર રહેશે. જુદી-જુદી મિલકત વેરા તથા પાણી ચાર્જીસની બાકી રકમની ભરપાઇ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સુવિધાઓ ઉપલબ્ધ છે. બાકીદાર મિલ્કતધારકો ઓનલાઈન માધ્યમ, નજીકની વોર્ડ ઓફિસ, સિટી સિવિક સેન્ટર તેમજ સંબંધિત ઝોન ઓફિસ ખાતે જઈને સહેલાઈપૂર્વક બાકી રકમ ભરપાઇ કરી શકે છે.રાજકોટ મહાનગરપાલિકા તમામ નાગરિકોને શહેરના સર્વાંગી વિકાસ, સુવ્યવસ્થિત નાગરિક સેવાઓ અને આવનારા વિકાસકાર્યોમાં સહયોગ આપવા માટે મિલકત વેરા તથા પાણી ચાર્જીસની સમયસર ચુકવણી કરવા અનુરોધ કરે છે અને બાકીદાર મિલ્કતધારકોને આ જાહેર સૂચનાને ગંભીરતાપૂર્વક લઈ તાત્કાલિક બાકી મિલકત વેરો તથા પાણી ચાર્જીસ ભરપાઈ કરવા સુચના આપવામાં આવે છે.

# જીવસૃષ્ટિને ધ્રૂજાવી દેતો શિયાળો : ૨.૫ ડિગ્રીએ ગિરનાર ટાઢોબોળ

## અમરેલી ૬.૦ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર, જનજીવન ઠુંઠવાયું



અમરેલી:

પૂર્વોત્તરના કાશ્મીર-હિમાલય ક્ષેત્રની બરફવર્ષા વચ્ચે બર્ફીલા પવનો છેલ્લા એક સપ્તાહથી ગુજરાત ઉપર ફરી વળતા ચાલુ થયેલી ધ્રૂજાવી દેતી કાતિલ ઠંડી ગઈકાલે ઉત્તરાયણ બાદ આજે પણ ચાલુ રહી છે. જીવસૃષ્ટિને ધ્રૂજાવી દેતો શિયાળાના આકરાં મિજાજ વચ્ચે આજે ૨.૫ ડિગ્રીએ ગિરનાર પર્વત જાણે હિમાલય જેવો ટાઢોબોળ બની ગયો હતો. જ્યારે અમરેલી ૬.૦ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું હતું.

વળી, કોલ્ડ-સ્પોટ ગણાતા કચ્છના નલિયા કરતા પણ આજે સૌરાષ્ટ્રના જૂનાગઢ, રાજકોટ, જામનગર, પોરબંદર, કેશોદમાં વધુ ઠંડી પડતા જનજીવન ઠુંઠવાયું હતું.રાજકોટ શહેરમાં આજે સતત ચોથા દિવસે તાપમાનનો પારો ૧૦ ડિગ્રી નીચે રહ્યો હતો. એ જ રીતે આજે અમરેલીમાં ન્યુનતમ તાપમાન ગગડીને ૬.૦ ડિગ્રી સુધી પહોંચી જતાં લોકો ધ્રૂજી ઉઠયા હતા. જ્યારે આજે જૂનાગઢમાં લઘુતમ તાપમાનમાં એકાએક કડાકો બોલી ગયો હતો. એક જ દિવસમાં થર્મોમીટરનો પારો ૩.૭ ડિગ્રી ગગડવા સાથે તાપમાન ૭.૫ ડિગ્રી નોંધાતા આજે સિઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. ગિરનાર પર્વત પર ૨.૫ સે. તાપમાન અને બર્ફીલા પવનની અનુભૂતિ થઈ હતી. જોકે વહેલી સવારે ધુમ્મસના કારણે ગિરનારે વાદળોની ચાદર ઓઢી હોય તેવો નજારો નિહાળી પ્રવાસીઓ રોમાંચિત થયા હતા. જામનગરમાં ૮.૫ ડિગ્રી ઠંડી સાથે શીતલહેર અનુભવાઈ હતી. ખંભાળિયામાં પણ ૧૦ ડિગ્રી નજીક તાપમાનનો પારો પહોંચી ગયો હતો. પોરબંદરમાં ૮.૯ ડિગ્રી, કેશોદમાં ૭.૪ ડિગ્રી, જ્યારે કચ્છના નલિયામાં ૯.૬ અને કંડલામાં ૭.૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જાન્યુઆરી માસના પ્રારંભથી જ શિયાળાની મોસમ જામી હોય તેમ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ઉત્તર ભારતમાં થયેલી હિમ વર્ષાની અસરના કારણે ઠંડીનું જોર વધ્યું છે. તાપમાનમાં ફેર બદલ સાથે ભેજમાં વધારો અને ઠંડો પવન ફૂંકાતા ઠારના કારણે જનજીવનને અસર થઈ છે.

# ગાયને રજકો નાખવા જતા આધેડને પતંગની દોરીથી ગળાના ભાગે ગંભીર ઈજા

## મકરસંક્રાંતિ પર વરસડા, દાતરડી અને મોટા આંકડિયામાં 3 વ્યક્તિના ગળા અને મોઢા પર દોરી ઘસાતા ગંભીર ઈજા






સાવરકુંડલા:

સાવરકુંડલા શહેરના કેવડાપરા વિસ્તારમાં રહેતા ભુપતભાઈ નાનજીભાઈ પાટડીયા (ઉં. વ. ૫૬)ને મકરસંક્રાતીના દિવસે સવારે પતંગની ધારદાર દોરીથી ગળાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી.ભુપતભાઈ ગાયને રજકો ખવડાવી રહ્યા હતા ત્યારે અચાનક એક પતંગની ધારદાર દોરી તેમના ગળા પર લપેટાઈ ગઈ હતી. જેના કારણે ગળામાં ઊંડો કાપો પડયો અને લોહી વહેવા લાગ્યું હતું.આસપાસના રહીશોએ તાત્કાલિક તેમને સાવરકુંડલાની સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં. જ્યાં ડોક્ટરોએ ઈમરજન્સીમાં ગળાના ભાગે સાત ટાંકા લઈને સારવાર કરી હતી. હાલમાં ભુપતભાઈની તબિયત સ્થિર છે અને તેઓ જોખમ મુક્ત છે. પરંતુ તેઓ હજુ હોસ્પિટલમાં દાખલ છે અને નિરીક્ષણ હેઠળ છે.આ ઘટના સાવરકુંડલા ઉત્તરાયણ મકરસંક્રાંતિના તહેવારના સમયે બની હતી. ચાઈનીઝ માંઝા જેવી ખતરનાક પતંગની દોરીઓના કારણે ગુજરાત સહિત દેશભરમાં અનેક ગંભીર ઈજાઓ અને મૃત્યુના બનાવો નોંધાયા છે. આવી દોરીઓ ગળા, હાથ કે ચહેરા પર લપેટાઈ જવાથી ખૂબજ ગંભીર ઈજાઓ થાય છે જેમાંથી કેટલીક જીવલેણ પણ સાબિત થાય છે.

અમરેલીના વરસડા ઉપરાંત દાતરડી અને મોટા આંકડિયા ગામમાં ત્રણ વ્યક્તિના ગળામાં દોરી ઘસાતા ગંભીર ઈજા સાથે સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા. પ્રથમ ઘટના ઉતરાયણના દિવસે અમરેલી તાલુકાના વરસડા ગામે બની હતી.વરસડા ગામે ૫૪ વર્ષના જયસુખભાઈ બાબુભાઈ વાજાને પતંગની દોરી વડે ગળાના ભાગે બીજા પહોંચી હતી અને ખૂબ જ લોહી નીકળ્યું હતું.તેમને મતીરાળા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જરૂરી સારવાર અને અને સાવચેતી રાખી અમરેલી સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. બીજી ઘટનામાં દાતરડી ગામના ભનુભાઈ ગુજરિયા (ઉં. વ. ૩૫ ) જયારે મોટર સાયકલ પર જતા હતા.ત્યારે તેમના મોઢા પર દોરી ઘસતા એમને મોઢા પર ઈજા થઈ હતી. જેથી સ્થળ પર સામાન્ય સારવાર આપીને હોસ્પિટલ ખસેડાયા હતા. અન્ય એક ઘટના અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામના કિશોરભાઈ ભાસ્કર (ઉં. વ. ૩૦) સાથે બની હતી.તેઓ અમરેલીમાં હતા ત્યારે ગળાના ભાગે પતંગની દોરી ફસાતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી અને મોટા પ્રમાણમાં લોહી વહી ગયું હતું.અહીંની બાલ ભવનની ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હતા. વધુ એક ઘટનામાં સાવરકુંડલાની એક મહિલાને વીજ કરંટ લાગતા સારવાર માટે સાવરકુંડલાની હોસ્પિટલમાંથી અમરેલી હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી.

# અમરેલી જિલ્લામાં હળવા ભૂકંપના આંચકા અનુભવાયા

## મધરાતે ૨:૨૩ કલાકે ફરી જિલ્લાની ધરા ૨.૫ની તીવ્રતાના ભૂકંપથી ધ્રુજી ઉઠી



અમરેલી:

અમરેલી જિલ્લાના ભૂગર્ભમાં હલચલ વધી છે. ગત સપ્તાહે ગીર કાંઠાના ગામોમાં ભૂકંપનો હળવો આંચકો આવ્યા બાદ ૧૪મી તારીખે પણ મધરાતે ૨:૨૩ કલાકે ૨.૫ની તીવ્રતાના ભૂકંપથી ધરતી ધ્રુજી ઉઠી હતી.જેના કારણે ગીરકાંઠાના ગામોમાં લોકો ફફડી ઉઠ્યા હતા. ધરતીના પેટાળમાં ચહલપહલ વધી હોય આ વિસ્તારમાં એક પછી એક ભૂકંપના આંચકા આવી રહ્યા છે.

જો કે સૌથી રાહતની વાત એ છે કે ભૂકંપની તીવ્રતા ઘણી ઓછી હોય છે. આમ, જિલ્લામાં હળવા આંચકા આવતા રહે છે.મકરસંક્રાતિની મધરાતે ફરી અમરેલી પંથકમાં ધરતીના પેટાળમાં હલચલ નોંધાય હતી. આ વિસ્તારમાં પાછલા કેટલાક સમયથી હળવા ભૂકંપના આંચકા આવી રહ્યા છે. ત્યારે ૧૪મી તારીખે રાત્રિના ૨:૨૩ મિનિટે ભૂકંપનો વધુ એક હળવો આંચકો આવ્યો હતો. સિસ્મોલોજી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર અમરેલીથી સાઉથ સાઉથ વેસ્ટ ૩૭ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું હતું.

મધરાતે રિક્ટર સ્કેલ પર ૨.૫ની તીવ્રતાના ભૂકંપથી ધરતીમાં કંપન અનુભવાયું હતું. લોકો મીઠી નિંદ્રા માણી રહ્યા હતા એ સમયે અચાનક ધરતી ધ્રુજવા લાગતા હાંફળા ફાંફળા બનીને જાગી ગયા હતા. ગીરકાંઠાના ધારી અને ખાંભા તાલુકાના લાખાપાદર, અનિડા, સમઢીયાળા તથા આસપાસના ગામોમાં ભૂકંપનો આ આંચકો અનુભવાયો હતો. જેના કારણે કેટલાક લોકો મધરાતે જ ઘરની બહાર દોડી ગયા હતા.

સીસમોલોજી વિભાગે એમ પણ જણાવ્યું હતું કે ધરતીના પેટાળમાં ૧૧ કિલોમીટરની ઊંડાઈ પર આ હલચલ નોંધાઈ હતી. એક તરફ શિયાળાની કડકડતી ઠંડીના કારણે લોકો ગાઢ નિંદ્રામાં હતા તેવા સમયે અચાનક ધરતીમાં કંપનથી ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો.જો કે ભૂકંપના આંચકાઓ ઓછી તીવ્રતાના હોવાથી માલ મિલકતને કોઈ નુકસાન થઈ રહ્યું નથી, પરંતુ ભૂગર્ભની આ હલચલ આવનારા સમયમાં કોઈ મોટા ભૂકંપના એંધાણ તો નથી ને ? તે પ્રકારની ચિંતા લોકોમાં જોવા મળી રહી છે.ભૂતળમાં સૌથી વધુ હલચાલ ગીર કાંઠાના ધારી, ખાંભા અને સાવરકુંડલા વિસ્તારમાં આમ તો પાછલા ત્રણ વર્ષથી સમયાંતરે ભૂકંપના હળવા આંચકા આવ્યા છે. અને દરેક વખતે ભૂકંપનું કેન્દ્ર બિંદુ ગીરકાંઠાના ધારી ખાંભા અને સાવરકુંડલા તાલુકાના વિસ્તારમાં નોંધાયું છે. પાછલા ત્રણ વર્ષ દરમિયાન સાવરકુંડલાના મિતિયાળા અને આસપાસના વિસ્તારમાં અનેક વખત ભૂકંપ આવ્યા છે.અમરેલી જિલ્લાના પેટાળમાં થઈ રહેલી હલચલને પગલે છેલ્લા બે માસ દરમિયાન ચોથી વખત ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ત્રણ વખત તીવ્રતા પ્રમાણમાં ઓછી હતી.

# રાજુલામાં ટ્રાફિક ડ્રાઈવ, ૪૫ વાહનચાલકો દંડાયા

## બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી ૧૫,૩૦૦નો દંડ વસૂલાયો, એક વાહન ડિટેઈન



રાજુલા:

રાજુલાના મુખ્ય બસ સ્ટેન્ડ વિસ્તારમાં પોલીસે ટ્રાફિક નિયમોના પાલન માટે આજે ૧૫ જાન્યુઆરી વિશેષ ડ્રાઈવનું આયોજન કર્યું હતું. આ ડ્રાઈવ દરમિયાન ૪૫ વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો અને કુલ ૧૫,૩૦૦નો દંડ વસૂલવામાં આવ્યો.રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. કોલાદરાની સૂચના અને માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક ઈનચાર્જ પી.એસ.આઈ. એસ.બી. જાની, હેડ કોન્સ્ટેબલ વી.બી. સોલંકી અને ટ્રાફિક બ્રિગેડના જવાનોએ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરી હતી.ડ્રાઈવ દરમિયાન, ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર ૪૫ વાહનચાલકોને સ્થળ પર દંડ ફટકારી કુલ ?૧૫,૩૦૦ વસૂલવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જરૂરી દસ્તાવેજો ન હોવાને કારણે મોટર વાહન અધિનિયમ (M.V. Act) કલમ-૨૦૭ હેઠળ એક વાહન ડિટેઈન કરવામાં આવ્યું હતું.

# રાજકોટના મીલપરામાં ૧૦૦ વર્ષના વૃધ્ધાનુ પહેલા માળેથી પડી જતા મોત



રાજકોટ,

રાજકોટ મીલપરામાં શેરી નં. ૧૩માં રહેતા ૧૦૦ વર્ષના વૃધ્ધાએ બીમારીથી કંટાળી પહેલા માળેથી અગાશી પરથી પડી જતા તેને ઈજા થતા મોત નિપજતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

મળતી વિગત મુજબ કાંન્તા સ્ત્રી વિકાસ ગૃહ મેઈન રોડ મીલપરા શેરી નં.૧૩માં રહેતા કંકુબેન મનજીભાઈ મંજુરાસ (ઉ.વ.૧૦૦) ગઈકાલે બપોરે પોતાના ઘરે હતા ત્યારે તેણે પહેલા માળે અગાશી પરથી પડી જતા તેને માથા તથા શરીરે ગંભીર ઈજા થઈ હતી બનાવ બનતા પરિવારજનો તથા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા બાદ વૃધ્ધાતને તાકીદે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા ત્યાં તેનું સારવાર દરમ્યાન મોત નિપજયુ હતું. બનાવની જાણ થતા ભકિતનગર પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.એમ. મકવાણા તથા સટાફે સ્થળ પર પહોંચી પરિવારજનોના નિવેદન નોંધી તપાસ હાથ ધરી હતી મૃતક કંકુબેનને ચાર પુત્તર અને ચાર પુત્રી છે. વૃધ્ધાના મૃત્યુથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

# ગોંડલના દારૂના ગુન્હામાં ફરાર જૂનાગઢનો સીંધી શખ્સ ઝડપાયો



જૂનાગઢ,

ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન પ્રોહીબીશન એકટ મુજબના નાસતા ફરતા આરોપીને શોધવા માટે એસ.ઓ.જી. ટીમ દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવેલ હતી દરમ્યાન એસ.ઓ.જીના એ.એસ.આઇ. વિક્રમભાઈ ચાવડા નાઓને ટેકનીકલ તથા હ્યુમન સોર્સની મદદથી હકિકત મળેલ કે, આરોપી ભરત પ્રેમાનંદભાઇ બસોતાણી સીધી, ધંધો-ડ્રાઇવિંગ રહે. જુનાગઢ જોષીપરા, સરદારપરા, મનમંદિર એપાર્ટમેન્ટન, બ્લો,ક નં.૪૦૧ વાળો જુનાગઢ શક્કરબાગ, પટેલ ડાઈનીંગન હોલ પાસે હોવાની હકિકતના આધારે સદરહુ હસ્તગત કરી જુનાગઢ બી ડીવીઝન પો.સ્ટે.ને સોંપેલ છે.

આ કામગીરી એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ. આર. કે. પરમાર તથા એ.એસ.આઇ. વિક્રમભાઇ ચાવડા તથા ડ્રા.પો.કોન્સ. વિશાલભાઇ ડાંગર વિ.એ કરી હતી

**નામ બદલાવેલ છે**

મારૂ નામ **હિતેષ પરસોતમ અજાણી** હતુ જે બદલીને **હિતેષભાઇ પરસોતમભાઇ અજાણી** કરેલ છે. હવેથી હું મારા નવા નામ **હિતેષભાઇ પરસોતમભાઇ અજાણી** તરીકે ઓળખાઇશ.

**સહીઃ હિતેષભાઇ પરસોતમભાઇ અજાણી**

સરનામું : પિતૃ કૃપા, શિવધારા રેસીડેન્સી, શેરી નં.૯, મોરબી રોડ, રાજકોટ- ૩૬૦૦૦૩

# રાજકોટ હુડકો ચોકડી નજીક ખોખડદળ નદીના પુલ પર બાઇક અકસ્માતમાં ઘવાયેલા યુવાનનું મોત

## યુવાન પાંચ દિવસ પૂર્વે રાત્રીના સમયે બંધવાળી મેલડી માતાના દર્શને જતા કાબૂ ગુમાવ્યો હતો

રાજકોટ,

રાજકોટ શહેરમાં રૈયાધાર વિસ્તારમાં રહેતો યુવાન પાંચ દિવસ પૂર્વે રાત્રીના સમયે બંધવાળી મેલડી માતાના દર્શને જતો હતો ત્યારે હુડકો ચોકડી નજીક ખોખડદળ નદીના પુલ પર યુવાને ડ્રાઈવિંગ પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થયુ હતું. બાઈક અકસ્માતમાં ઘવાયેલા યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રૈયાધાર વિસ્તારમાં મચ્છુનગર આવાસ કવાર્ટર સામે રહેતા વિજય ધનજીભાઈ કુવરીયા નામનો ૨૮ વર્ષનો યુવાન ગત તા.૧૧/૧/૨૬ના રોજ રાત્રીના નવેક વાગ્યાના અરસામાં હુડકો ચોકડી અને ખોખડદળ નદીના પુલ વચ્ચે પોતાનુ બાઈક લઈ જઈ રહ્યો હતો. ત્યારે બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા યુવકનુ સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન છ ભાઈ ત્રણ બહેનમાં વચેટ હતો અને મજૂરી કામ કરી પરિવારની આર્થિક મદદ કરતો હતો.

# જૂનાગઢમાં પેટ્રોલ પંપ ઉપર રિક્ષા ચાલક પર છરીથી હૂમલો

જુનાગઢ,

જુનાગઢ ચિત્તાખાના ચોક નજીક આવેલ મેમણવાડામાં કાળા પાણીની સીડી પાસે રહેતા ૩૪ વર્ષીય રીક્ષા ડ્રાઇવર નદીમ હબીબભાઈ હિંગોળા બુધવારે સાંજે તેની જીજે ૨૩ વાય ૧૦૦૦ નંબરની ઓટો રીક્ષા લઇ એલસીબી ઓફિસની સામે આવેલ પેટ્રોલ પંપે ડીઝલ પુરાવા માટે ગયા હતા. ત્યાંના કર્મચારીએ રીક્ષા બીજી સાઈડ લેવાનું કહેતા નદીમભાઈ તેની રીક્ષા રિવર્સમાં લેતા હતા.

આ દરમિયાન અચાનક રીક્ષાની પાછળ કાળા કલરનું ડબલ સવારી મોપેડ આવીને ઊભું રહેલ. તેના ચાલક કુંભારવાડામાં રહેતા નવાજ ઉર્ફે બમ્પ પઠાણ નામના શખ્સે રાડ પાડી દેખાતું નથી તેમ મોપેડમાંથી ઉતરી પેટ્રોલ પંપમાં પડેલ પ્લાસ્ટિકનો પાઈપ લઈને મારવા લાગ્યોદ હતો અને મોપેડમાંથી છરી કાઢી ઝીંકી દીધી હતી. તેની સાથેના સુલતાન કાસમ કટારીયા નામના શખ્સેવ પણ નદીમભાઈને માર મારી જાનથી પતાવી દેવાની ધમકી આપી નાસી ગયા હતા. હુમલાના કારણે ઈજાગ્રસ્ત થયેલા રિક્ષા ચાલકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે ફરિયાદ આધારે કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.

સૌરાષ્ટ્ર આજતક

Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.